જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.03/૧૧/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૮૯/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | ૦ | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | ૧ | ૫૧ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૨૮૫ | ૨ | ૧૫૨૮૭ | ૧૬૧૨૧ | ૮ | ૧૬૧૨૯ |
| કુલ | | ૩૦૩૫૯ | 3 | ૩૦૩૬૨ | ૩૯૦૧૬ | ૮ | ૩૯૦૨૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૦ | ૧૨,૯૫,૩૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૪૭ | ૧૩,૪૭,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સાબરમતી પોલીસ સ્ટેશન :-

**(૧)**

## રાહદારીનો મોબાઇલ ફોન ઝુંટવી ભાગેલ ઇસમને ગણતરીના સમયમાં ઝડપી પાડી મોબાઇલ સ્નેચીંગ ગુનાનો ભેદ ઉકેલતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.શ્રીમતી બી.પી.ભેટારીયા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તા.૩૦/૧૦/૨૦૨૦ ના સાંજના સમયે અચેર ડેપો પાસે પેટ્રોલીંગમા હતા દરમ્યાનનજીકમાં જ એક ચાલતા જતા રાહદારીએ બુમા બુમ કરતા તેની પુછપરછ કરતા એક ઇસમ તેનો મોબાઇલ ફોન ઝુંટવાનો પ્રયાસ કરી વિસત બી.આર.ટી.એસ. કોરીડોર તરફ ભાગેલ હોવાની જાણ કરતા કરતા તુરંત પો.સ.ઇ. તથા સાથેના સ્ટાફે રાહદારીને સાથે રાખી જે દિશામાં ઇસમ ભાગેલ તે તરફ તથા આજુબાજુનાં વિસ્તારમાં શોધખોળ કરતા અચેર ડેપો પાસે આવેલ સી.એન.જી. પંપ પાસે મોબાઇલ ઝુંટવી ભાગેલ ઇસમ મળી આવેલ જેનું નામ પુછતા ધર્મશસિંહ મુન્નાલાલ શિકરવા ઉ.વ.૨૦ રહે. સંજયછારાના મકાનમાં, કાળકા નગરની પાછળ, છારાનગર, સાબરમતી અમદાવાદ શહેર નાનો હોવાનું જણાવતા તેને અટકાયતમાં લઇ પોલીસ સ્ટેશન ખાતે લાવેલ અને રાહદારીની જાહેરાત મુજબનો સાબરમતી પોલીસ સ્ટેશન પાર્ટ-એગુ.ર.નં.૧૧૧૯૧૦૩૯૨૦૧૪૬૯/૨૦૨૦ ઈ.પી.કો.કલમ ૩૭૯(એ)(૨) મુજબનો ગુનો રજીસ્ટર કરવામાં આવેલ અને સદર ગુનાના કામે ઉપરોકત ઇસમને અટક કરી આગળની વધુ તપાસ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.શ્રીમતી બી.પી.ભેટારીયા નાઓ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

તા.૦૨/૧૧/૨૦૨૦

## સારી કામગીરી કરનાર :

(૧) PSI બી.પી.ભેટારીયા (૨) ASI રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ (૩) HC જગદીશચંદ્ર વિનોદકુમાર બ.ન.૮૫૨૪ (૪) HC કિશોરસિંહ ભેરુસિંહ બ.નં.૮૨૯૨ (૩) HC હિરાભાઇ રૂપસિંહ બ.નં.૩૯૨૭ (૪)HCભરતસિંહ છત્રસિંહ બ.ન.૫૨૪૪ (૫) PC હિતેષકુમાર મોહનભાઇ બ.નં.૫૯૫૯ (૬) PCસંદીપકુમાર નટવરલાલ બ.નં.૮૭૯૮ (૭) PCકમલેશકુમાર સોમાભાઇ બ.નં.૫૭૧૧ (૮) LR કમલેશકુમાર સાગરભાઇ બ.નં.૮૦૫૫ (૯) LRધર્મેદ્રસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૦૭૦ (૧૦) LRઅજયકુમાર નરસિંહભાઇ બ.ન.૧૪૦૨ (૧૧) LRશક્તિસિંહ જગદીશસિંહ બ.ન.૦૪૪૩

## ફરિયાદીને પરત મળેલ મુદામાલ

એક વીવો કંપનીનો મોબાઇલ ફોન જેની આશરે કિંમત રૂપિયા ૭,૦૦૦/-ની ગણાય

## પકડાયેલ આરોપી:

ધર્મશસિંહ મુન્નાલાલ શિકરવા ઉ.વ.૨૦
રહે. સંજયછારાના મકાનમાં કાળકાનગરની પાછળ,
છારાનગર સાબરમતી, અમદાવાદ શહેર



## પોકેટ કોપ મોબાઇલ ફોનની મદદથી બે શહેરીજનોના ભુલથી બદલાયેલ મો.સા. પરત અપાવતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન તરફથી આગામી દિવાળી તહેવારો અનુસંધાને મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રીસાબરમતી પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.શ્રીમતી બી.પી.ભેટારીયા તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાબરમતી સુપર માર્કેટ મંગલમ ઝેરોક્ષ પાસે પેટ્રોલીંગમા હતા તે દરમ્યાનનજીક માંથી એક નાગરીક અનુપભાઇ મહેંદ્રભાઇ શાહ નાઓએ આવી તેઓને જાણ કરેલ કે " મંગલમ ઝેરોક્ષ પાસે પોતાનુ પાર્ક કરી કામ અર્થે ગયેલ અને પરત આવી જોતા તેઓનું મો.સા. બજાજ ડીસ્કવર નં. જીજે-૦૧-એફ.એચ.-૨૨૮૪ નું પાર્ક કરેલ જગ્યાએ મળી આવેલ નથી " જેથી સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.તથા સ્ટાફે સ્થળ પર જઇ જોતા તે જગ્યાએ બાજુમાં જ અન્ય એક હોન્ડા પેશન પ્લસ મો.સા. નં. જીજે-૧૮-એ.ઇ.૬૯૬૦ નું પાર્ક કરેલ મળી આવેલ જેના માલીક બાબતે આજુ-બાજુ તપાસ કરતા કોઇ મળી આવેલ નહિ જેથી પોકેટ કોપ મોબાઇલમાં વેહીકલ નંબર સર્ચ કરતા સદર મો.સા. ના માલીક રામભાઇ વીરાભાઇ વાળા રહેવાસી-૬૧/૮ ઝ" ટાઇપ સેક્ટર-૨૧ ગાંધીનગર નાઓ જણાઇ આવતા તેઓનો સંપર્ક કરી તેઓને સ્થળ ઉપર બોલાવી પુછપરછ કરતા તેઓના મિત્ર જગતસિંહ જાડેજા નાઓને પોતાનું મો.સા. કામ અર્થે આપેલ હોવાનું અને આ જગતસિંહ સાબરમતી સુપર માર્કેટ ખાતે કામ અર્થે આવેલ અને કામ પતાવી પરત જતી વખતે ભુલથી બજાજ ડીસ્કવર મો.સા. નં. જીજે-૦૧-એફ.એચ.-૨૨૮૪ને પોતે લાવેલ મો.સા. સમજી ચાવી લગાવેલ અને સદર મો.સા. ખુબ જુનુ હોય ચાવી લાગી જતા તેઓ આ મો.સા. લઇને જતા રહેલ હોવાનું જણાઇ આવતા અનુપભાઇ મહેંદ્રભાઇ શાહ નાઓનું મો.સા. પરત મંગાવી તેઓને સોંપેલ તથા હોન્ડા પેશન પ્લસ મો.સા. નં. જીજે-૧૮-એ.ઇ.૬૯૬૦ તેના માલીક રામભાઇ વીરાભાઇ વાળા નાઓને પરત સોંપવામાં આવેલ છે.

આમ પોકેટ કોપ મોબાઇલ ફોનના ઉપયોગથી બે શહેરીજનોને તેઓના શરત ચુકથી બદલાઈ ગયેલ મો.સા. પરત અપાવવામાં સાબરમતી પોલીસને સફળતા મળેલ છે.

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૯૦/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી ૯૮ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૯૧/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૯૨/૨૦૨૦</u>**

**સાયબર ક્રાઈમઃ** ધીરજભાઇ મંગળદાસ પટેલ (ઉ.વ.૮૨) (રહે. પ્રિતમનગર સોસાયટી ગુજરાત કોલેજ પાસે એલીસબ્રીજ) એ તા.૦૨/૧૧/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઇલ નંબર ૮૩૫૦૮૫૮૫૭૦, ૯૬૬૭૬૦૯૬૭૯ ના ધારક આકાશ ચોપરા તથા મોબાઈલ નંબર ૯૩૧૨૬૦૮૪૯૫ ના ધારક થોમ એચ. સ્ટ્રેગર- ફાઇનાન્સ ડીપાર્ટમેન્ટ તથા મોબાઈલ નંબર ૮૧૨૬૬૧૧૫૨૬ સંજીવકપુર (એસ.કે.કપુર) ના ધારકોએ ભેગા મળી વિમા લોકપાલ ડીપાર્ટમેન્ટના અધિકારી તરીકેની ઓળખ આપી ધીરજભાઈ પટેલને પોલીસીના નાણાં બોન્સ તેમજ પ્રોફિટ સાથે પરત આપવાનુ જણાવી વિશ્વાસ અને ભરોષો આપી અલગ-અલગ ચાર્જીસ પેટે કુલ રૂપિયા ૫,૨૯,૦૬૮/- PNB BANK- 6883000100076717 ના ધારક રામપ્રસાદ રામકરણ રેગર ના ખાતામાં જમાં કરાવડાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઇ ચલાવે છે.

**સરખેજઃ** નરેન્દ્ર મણિશંકર ભટ્ટ (ઉ.વ.૭૯) (રહે. સુર્યા એમરેલ્ડ જયંતીલાલ પાર્ક ઇસ્કોન આંબલી રોડ બી.આર.ટી.એસ.પાસે) એ તા.૦૨/૧૧/૨૦૨૦ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૦ સવારના ૧૧/૪૫ થી બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૮૯૧૮૩૨૭૪૮૯ અને ૮૬૧૭૩૪૨૮૧૨ ના ધારકે નરેન્દ્ર ભટ્ટને ફોન કરી YONO SBI BANK ના કસ્ટમર કેર અધિકારી તરીકેની ઓળખ આપી વિશ્વાસમાં લઈ નરેન્દ્ર ભટ્ટના મોબાઈલમા Team viewer quick support એપ્લીકેશન ડાઉનલોડ કરાવી નરેન્દ્ર ભટ્ટના SBI બેન્કના ખાતા માંથી રૂપિયા ૩૨,૦૦૦/- તથા એક્સીસ બેંકના ખાતા માંથી રૂપિયા ૨૯,૯૯૯/- મળી કુલ રૂપિયા ૬૧,૯૯૯/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એસ.એ.આસનાણી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૩/૨૦૨૦**

**રાણીપઃ** કિરીટભાઇ જીવણલાલ પંચાલ (રહે. શ્રી વૃંદાવન વીલા વિભાગ-૪ આર્યમાન બંગ્લોઝ સામે થલતેજ શીલજ રોડ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૨૦ કલાક ૧૨/30 થી તા.૦૨/૧૧/૨૦૨૦ કલાક ૮/00 વાગ્યા દરમ્યાન રાણીપ ન્યુ વિધ્યાવિહાર સોસાયટી ખાતે રહેતા કિરીટભાઈના ભાઇના ઘરમાંથી ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૪,૨૦૦/- અને રોકડ રૂપિયા ૧૭,000/- મળી કુલ રૂપિયા ૪૧,૨૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.પોસઇ શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

**શહેરકોટડાઃ** બળદેવભાઇ વિઠ્ઠલભાઇ ડોડીયા (રહે. નીલદિપ રેસીડેન્સી પ્રભાકર ટેનામેન્ટની બાજુમાં જી.ડી.હાઇસ્કુલ રોડ સૈજપુર બોઘા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૨૦ રાતના ૧૦/30 થી તા.૦૨/૧૧/૨૦૨૦ સવારના ૫/00 વાગ્યા દરમ્યાન શહેરકોટડા અંબીકાનગર ખાતે આવેલ પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને ચાંદીના સિક્કા મળી કુલ કિમત રૂપિયા ૧,૪૬,૫00/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.પરમાર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૯૪/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** મુકેશ મહેશકુમાર ઠાકુર (ઉ.વ.૨૧) (રહે. મેલડી એસ્ટેટની પાસે, ગોતા રેલ્વે ક્રોસીંગ બ્રિજની પાસે ક્રિષ્ણા ગ્રેનાઇટ કંપનીમા આવેલ રૂમમા ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૦ સાજના ૭/૧૫ થી રાતના ૮/00 વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે લોખંડની પાઇપ સાથે દોરડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી રણવીરસિંહ વજેસિંહ ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સિટીઃ** કેશવભાઇ માલાભાઇ રાઠોડ (રહે.મોડાદેવાનો વાસ ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૧/૨૦૨૦ સવારના ૬/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છાજલીના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આઈ.પરમાર ચલાવે છે.

**સરદારનગરઃ** જગદીશભાઇ હિરાભાઇ (ઉ.વ.૨૭) (રહે.ખોડીયારનગર વિભાગ-૧ નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૧/૨૦૨૦ બપોરના ૪/00 વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી દિવ્યાબા મનુભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી